

# કાણો વાંદરો

આબુના પહાડની એ ટેકરી. હિમાલયની ટોચ જેવી ઠંડી.

ઉનાળાના દિવસો હતા. ચારેબાજુ ગરમી અને ઉકળાટ હતાં, પણ વિલાયતી સાહેબની બંગલીમાં ઠંડી ઠંડી હવા વહેતી હતી.

વિલાયતી સાહેબ ઘણા ખુશ હતા. એમાં વધારો થયો.

મિયાં ફુસકી અને તભા ભટ આવી ગયા. તેમણે બીજલ ડાકુને પકડાવી દીધો તેથી વિલાયતી સાહેબ રાજી રાજી થઈ ગયા હતા.

તેથી ટેકરીના ફોજદાર અને પોલીસવડા તેમને મળવા પણ આવતા હતા. ત્યારે તો વિલાયતી સાહેબનો આનંદ છલકાઈ જતો.

વિલાયતી સાહેબે તારીખિયું-કૅલેન્ડર જોયું.

એકદમ બોલી ઊઠ્યા : “ઓ મિયાં ફુસકી...”

બૂમ સાંભળીને ફુસકી મિયાં દોડી આવ્યા.

મિયાંએ પૂછ્યું : “શું થયું?”

વિલાયતી સાહેબ કહે : “જોયું આ કૅલેન્ડર?”

મિયાં બોલ્યા : “કૅલેન્ડર અમે નથી જોતા. એ કામ તભા ભટનું.”

વિલાયતી સાહેબ કહે : “ના જોતા હો તો અહીં આવો અને જુઓ. શું છે આમાં?”

ફુસકી મિયાં નજીક ગયા અને કૅલેન્ડર જોયું.



જોઈને બોલ્યા : “જોઈ લીધું. સરસ છે. કેટલા રૂપિયામાં લીધું?”

વિલાયતી સાહેબે ટપાક કરતી માથા પર ટપલી મારી.

મિયાંના માથા પરથી ટોપી નીચે પડી ગઈ.

વિલાયતી સાહેબ કહે : “શું જોયું કૅલેન્ડરમાં!”

મિયાં બોલ્યા : “અમને કૅલેન્ડર જોતાં નથી આવડતું.”

તભા ભટ દોડી આવ્યા અને પૂછવા લાગ્યા : “શું થયું?”

વિલાયતી સાહેબ કહે : “થઈ પૂનમ. તે આ મિયાંજીને કૅલેન્ડરમાં દેખાતી નથી.”

ભટજી કહે : “આજે તો અગિયારસ છે, પૂનમ નથી.”


વિલાયતી સાહેબ બોલ્યા : “અમારે તો આ પૂનમનું જ ખાસ કામ છે. એ પણ અગિયારસથી શરૂ થાય છે.”

ભટજી કહે : “શાનું કામ?”

વિલાયતી સાહેબ બોલ્યા : “આ મહિનો વૈશાખ છે. તેથી પૂનમે પાનવાડીમાં મેળો ભરાવાનો છે. આપણે એ મેળામાં જવાનું છે.”

ટોપી ખંખેરતાં ખંખેરતાં મિયાં બોલ્યા : “ઘણી સરસ વાત છે. મેળામાં ફરવાની મજા અમને બહુ ગમે છે.”

વિલાયતી સાહેબ કહે : “તો કરો તૈયારી.



મેળામાં જવાની ગોઠવણી વિચારી લીધી. બિસ્તરા પણ તૈયાર કરી દીધા.

બસમાં બેઠા અને પહોંચી ગયા પાનવાડી.

મેળામાં પહોંચી ગયા. એક ધરમશાળામાં ઉતારો કર્યો. ભારે જબરો મેળો હતો. એકએકથી ચડે એવું જોવાનું હતું. વિલાયતી સાહેબને તો અખાડાની કુસ્તીઓ અને પાડાઓની લડાઈ જોવામાં ખરેખરો રસ હતો. ભાતભાતનાં હથિયારો તો રોજ જોયા કરે. એમાંથી એક ભાલું વિલાયતી સાહેબે ખરીદી લીધું. તભા ભટે એક પાઘડી ખરીદી.

વિલાયતી સાહેબ કહે : "ફુસકી મિયાં, તમેય કશુંક તો ખરીદી લો."

મિયાં બોલ્યા : "અમારે ખરીદવા જેવું કશું છે જ નહીં. શું ખરીદીએ?


વિલાયતી સાહેબ અને તભા ભટ બન્ને હસી પડ્યા. ઘડીક ફુસકી મિયાંની મજાક ઉડાવી.

આવડા મોટા મેળામાં હજારો વસ્તુઓ આવી છે. એમાં ફુસકી મિયાંને એકેય વસ્તુ ગમી નહીં, પણ મેળામાં ફરવાની ઘણી મઝા આવી.

હવે મેળો પૂરો થવા આવ્યો.

ભીડ ઓછી થવા માંડી હતી. દુકાનદારો જવા માંડ્યા હતા.

વિલાયતી સાહેબ કહે : "આપણે પણ હવે જઈશું."



તભા ભટ તો હવે કંટાળી ગયા હતા. તેઓ તો તરત જ તૈયાર થવા માંડ્યા."

વિલાયતી સાહેબ કહે : "છેલ્લી એક વાર આપણે જરા મેળામાં ફરી આવીએ."

ફુસકી મિયાં કહે : "હવે શું ધૂળ ફાકવા જવું છે? શું છે હવે મેળામાં?"

વિલાયતી સાહેબ કહે : "તમે શું જાણો મિયાં? અમે ફોજી આદમી... હજારો મેળા જોઈ નાખ્યા. ભલા માણસ! છેલ્લે વેપારીઓ સસ્તામાં માલ આપી દે છે. એવું કંઈ મળી જાય તો લઈ જઈએ."

આમ વિચારીને મેળામાં ફરવા ચાલ્યા. દુકાનદારોએ વધેલો માલ સસ્તામાં આપવા માંડ્યો હતો. બધે ભાવતાલ પૂછતા જાય છે અને ચાલતા ચાલતા જાય છે. ત્યાં એક ટોળું દેખાયું. ત્યાં જઈને ઊભા રહ્યા. ત્યાં પૂતળાં ગોઠવેલાં હતાં."

મિયાં બોલ્યા : "વાહ ભઈ વાહ! જોવા જેવું છે. જુઓ તો સાહેબ! વાંદરો કેવો બેઠો છે?"

વિલાયતી સાહેબે કરડી આંખે ફુસકી મિયાં સામે જોયું. તભા ભટ પણ જરા મલકીને રહી ગયા."

મિયાં બોલ્યા : "માળો મટકુંય મારતો નથી. હાથ-પગેય હલાવતો નથી. એકીટશે આપણી સામે જુએ છે ને? હનુમાનજી આવા ન હોય."


વિલાયતી સાહેબ બોલ્યા : "અક્કલ છે?"

મિયાં બોલ્યા : "હો હો!"

વિલાયતી સાહેબ ફસ ફસ ફસ કરતા હસ્યા.

ફુસકી મિયાં બોલ્યા : "શું હસો છો?"

વિલાયતી સાહેબે પૂછ્યું : "આ વાંદરો છે કે?"



ફુસકી મિયાં બોલ્યા : “ત્યારે શું બળદિયો છે?”

વિલાયતી સાહેબ બોલ્યા : “એ તો વાંદરો જ છે, પણ તમે બળદિયા છો. જરા આંખો ફાડો. એ વાંદરો નથી પણ વાંદરાનું પૂતળું છે.”


ફુસકી મિયાં ‘હેં...?’ બોલતા ભારે નવાઈથી જોઈ રહ્યા. જરા મોઢું મલકાવીને બોલ્યા : “લો, અમેય છેતરાઈ ગયાને! માળો... ખરેખરો વાંદરો બનાવ્યો છે! મેં તો જાણ્યું કે જીવતો વાંદરો બેઠો છે!”

વાંદરાનો બનાવનાર કારીગર વચ્ચે જ ઊભો હતો. તેણે કહ્યું : “એકસો નંગ બનાવી લાવ્યો હતો. બધાં વેચાઈ ગયાં છે. ફક્ત આ એક જ વાંદરો બચ્યો છે. શોખીન હોય તે લઈ લે.”

ત્યાં મિયાં બોલ્યા : “અમે છીએ શોખીન. બોલો, વાર લગાડશો નહીં. અમને વાંદરો આપી દો.”

ત્યાં એક માણસ બોલી ઊઠ્યો : “વાહ જી! વાંદરાની કિંમત પહેલી મેં પૂછી છે માટે વાંદરો અમે લઈશું. બોલો કારીગર! આ વાંદરાની કિંમત કેટલી?”

ફુસકી મિયાં તાનમાં આવી ગયા. જરા રોફથી અને જોરથી બોલ્યા : “ના ના કારીગર! કિંમત અમે પૂછી છે. વાંદરો અમે લઈશું. હા, અમે સિપાઈબચ્ચા!”



બધા જોનારાએ તાલી પાડી. કોઈ બોલી ઊઠ્યું કે હા હા, તમે જ વાંદરો લો.

ફુસકી મિયાં બોલ્યા : “લઈશું જ. હા, પહેલો ભાવ અમે પૂછ્યો છે.”

વિલાયતી સાહેબ અને તભા ભટ ચિડાઈ ગયા. આટલા બધા માણસોની વચમાં ફુસકી મિયાં ફજેતી કરવા બેઠા.

વિલાયતી સાહેબ કહે : "તમે ચૂપ રહો મિયાં! આપણે વાંદરો નથી લેવો."

મિયાં આંખો નચાવીને બોલ્યા : "વાહ વાહ! નથી કેમ લેવો? અમે લેવાની હા પાડી દીધી છે. હવે ના કહીએ તો અમારું નાક જ કપાય ને? હા, અમે સિપાઈબચ્ચા!"

કોઈ બોલી ઊઠ્યું : "વાહ વાહ સિપાઈબચ્ચા! તમે જ વાંદરો લેજો. ધન્ય છે તમને."

ફુસકી મિયાંએ કારીગરને કહ્યું : બોલો ભાઈ! શી કિંમત થાય છે?"

કારીગર કહે : "પચાસ રૂપિયા."

ફુસકી મિયાં કહે : "ઉઠાવો પચાસ રૂપિયા.

આમ કહીને નોટ કાઢવા ગજવામાં હાથ નાખ્યો."

ત્યાં તો પેલો બીજો માણસ બોલ્યો : "મારા સાઠ રૂપિયા."

ફુસકી મિયાં બોલ્યા : "તો અમારા સિત્તેર રૂપિયા."

પેલો કહે : "અમારા એંસી રૂપિયા."

મિયાં બોલ્યા : "અમારા પંચાસી રૂપિયા."

પેલો કહે : "મારા નેવું રૂપિયા."

મિયાં પંચાણું બોલવા ગયા કે વિલાયતી સાહેબે મિયાંના મોં આડો હાથ દઈ દીધો અને તાડૂકીને બોલ્યા : "ચૂપ રહો. આપણે એવી ચડસાચડસી નથી કરવી."

મિયાં બોલ્યા : "તમે અમને રોકશો નહીં. હા, અમે સિપાઈબચ્ચા! બોલ્યા તે બોલ્યા. ચડસાચડસી તો શું, મારામારીયે કરીએ."



ભટજી બોલ્યા : "રહો ને ભાઈ! એ ધંધો આપણે નથી કરવો. ચડસાચડસીમાં તો કેટલાય ખુવાર થઈ ગયા. આપણા દલાશેઠને નથી જોતા? ચડસાચડસીમાં પછડાઈ મૂવા છે. ટાંટિયા તૂટી ગયા છે."


ફુસકી મિયાં બોલ્યા : "તે છે બેવકૂફ. અમે એવા નથી. અમે તો બોલ્યા તે બોલ્યા."

ત્યાં તો પેલો માણસ ફુસકી મિયાંની પાસે આવ્યો અને બોલ્યો : "જુઓ મિયાં સાહેબ! મહેરબાની કરીને તમે કિંમત વધારે બોલશો નહીં. વાંદરો મને લેવા દો, મારે એની જરૂર છે. તમે બીજેથી લઈ લેજો."

મિયાં બોલ્યા : "વાહ જી! અમે તો હવે આ વાંદરો જ લઈશું. તમારે હવે ફાવે એટલી ચડતી કિંમત ના બોલવી."

બીજા કોઈને વાંદરો લેવો નહોતો. બહુ બહુ તો પચાસ રૂપિયા કિંમત ગણાય. એ હવે પંચાણું રૂપિયા થઈ ગઈ. પેલા માણસે સીધા એકસો વીસ રૂપિયા બોલી દીધા એટલે ફુસકી મિયાંએ એકસો પચીસ રૂપિયા કહ્યા. હવે પેલા માણસને લાગ્યું કે આ મિયાં છોડે એમ લાગતું નથી. વધારે રૂપિયા પણ તેની પાસે નહોતા. એટલે તે ચૂપ થઈ ગયો. કારીગરને મોજ થઈ ગઈ. પચાસ રૂપિયાનો વાંદરો એકસો પચીસ રૂપિયામાં વેચાય છે. બન્ને ચડસાચડસી વધારે કરે તો વધારે સારું, જેથી પોતાને લાભ થાય. પણ પેલા ભાઈ હવે ચૂપ થઈ ગયા.

કારીગર બોલ્યો : "બસ! ઢીલા થઈ ગયા? ખરા શોખીન તો મિયાં સાહેબ જ લાગે છે." પેલા પાસે વધારે રૂપિયા નહોતા. મનમાં તો ખરેખરી લાગી ગઈ. ફુસકી મિયાં ઉપર ઘણી ઘણી રીસ ચડી, પણ થાય શું? મનમાં બળીને રહી ગયો. ફુસકી મિયાંએ રૂપિયા આપી દીધા. કારીગરે વાંદરો આપી દીધો અને ફુસકી મિયાંનાં ઘણાં ઘણાં



વખાણ કર્યાં. વિલાયતી સાહેબને અને તભા ભટને રીસ ચડી. મિયાંએ કહ્યું : તમે ચિડાશો નહીં."

કારીગરે કહ્યું : "મિયાંસા'બ, કોઈ મજૂર મળે એમ નથી. આપ વાંદરો ઉઠાવી શકશો ?"

મિયાં બોલ્યા : "વાંદરો તો શું, મોટા મોટા હાથીને અમે ઉપાડી લઈએ. લાવો મૂકો મારા માથે."


મિયાં નીચે બેસી ગયા, કારીગરે વાંદરો લઈને ફુસકી મિયાંના માથે મૂકી દીધો. મિયાં હસતાં હસતાં ઊભા થયા એટલે ત્યાં ઊભેલા લોકોએ તાળીઓ પાડી. ફુસકી મિયાં મનમાં ભારે રાજી થયા. સમજ્યા કે પોતાની વાહ વાહ થઈ ગઈ. ત્યાં તો એક જણે સિસોટી વગાડી. બીજાએ ગાલ બજાવ્યા. ત્રીજાએ હેઈકારો મચાવ્યો. હવે મિયાં સમજ્યા કે આ તો આપણી ગમ્મત ચાલી રહી છે. મિયાંએ આંખો તતડાવી અને ઊભા રહી ગયા. ગુસ્સે થઈને બોલી ઊઠ્યા : "ઓ ભાઈઓ! આમ હેકારા-દેકારા કેમ કરો છો ? તાકાત હોય તો એકાદ વાંદરો તમેય ખરીદી જુઓ! હા, અમે સિપાઈબચ્ચા.

વિલાયતી સાહેબે ફરી મિયાંને સમજાવ્યા કે તમે માથા પર વાંદરો લઈને ચાલશો તો લોકોને ગમ્મત થશે અને હસશે. માટે વાંદરાને કપડામાં વીંટી લો.

મિયાં રીસથી બોલ્યા : "લોકો ભલેને રડે કે માથાં ફોડે. વાંદરો અમે પ્રેમથી ખરીદેલો છે. એને માથા પર ઉઠાવીને જ અમે જઈશું. એમાં લોકો શા માટે ચિડાય છે ?"

મિયાં આમ બોલ્યા અને માથે વાંદરો મૂકીને ચાલ્યા.

વિલાયતી સાહેબ કહે : "ભટજી! આપણે ચાલો. મિયાં ક્યાંક ઊંધાનું ચત્તું કરશે.



ઝટઝટ વિલાયતી સાહેબ ચાલ્યા.

વિલાયતી સાહેબને અને તભા ભટને ફુસકી મિયાં પર ભારે રીસ ચડી ગઈ. રીસ ચડાવીને આગળ આગળ ચાલવા માંડ્યા. ફુસકી મિયાંએ વાંદરો માથે ઉઠાવી લીધો છે અને મોજથી ચાલ્યા આવે છે. થોડે દૂર જઈને ભટજીએ જોયું. ફુસકી મિયાં ઘણા પાછળ રહી ગયા હતા.

ભટજી બોલ્યા : "જુઓ તો... કેટલા પાછળ રહી ગયા! હાથીની પેઠે હળુ હળુ ડગલાં ભરે છેને?"

વિલાયતી સાહેબ બોલ્યા : "તમે ચાલો. આપણે તેની સામેય નથી જોવું. ફજેતી કરી દીધી આપણી."


ભટજી કહે : "અરે સાહેબ, આવી બેવકૂફી તો કોઈ ન કરે. આવા વાંદરા આપણે વળી ખરીદવાના હોય? પણ ફુસકી મિયાં ન કરવાના ધંધા કરતા જ રહે છે. આ બેવકૂફી છે."

વિલાયતી સાહેબ બોલ્યા : "બેવકૂફી માથે પાછાં શિંગડાં ઉગાડ્યાં છે! માથે વાંદરો લઈને ચાલ્યા છે! કેવો ખેલ થઈ ગયો?"

ભટજી કહે : "હવે ઝટ ઝટ ચાલે તોય સારું."

વિલાયતી સાહેબ બોલ્યા : "મૂકો ને તેનું નામ. આપણે ઝટ ઉતારે પહોંચી જાઓ. ભલે તે રખડતા રખડતા આવે."

વિલાયતી સાહેબ અને તભા ભટ આમ વાતો કરતા જાય છે અને ચાલ્યા જાય છે. મિયાં ફુસકી ભારે મોજમાં છે. પોતે ખરેખરો વાંદરો ખરીદ્યો છે. અસલ વાંદરો હોય એવો જ લાગે છે. જે જોશે તે નવાઈ પામશે. મનોમન આમ વિચાર કરે છે અને લહેરથી મિયાં ફુસકી આવે છે. એવામાં બે-ચાર છોકરા જોઈ ગયા. તેમને ભારે નવાઈ લાગી.



'હે...ય હેય, હેય વાંદરો આવ્યો...' આમ

બોલીને તેમણે બીજા બે-ચાર છોકરાને બોલાવ્યા.

પાંચ-દસ છોકરાનું ટોળું એકઠું થઈ ગયું. ફુસકી મિયાંની નજીક પહોંચી ગયું.

નટુ કહે : “અલ્યા જુઓ તો! આ મિયાંજીને માથે વાંદરો બેઠો.

બધાએ જોયું.

મિયાં ફુસકીને માથે વાંદરો દેખાયો.

છોકરાઓને ભારે નવાઈ લાગી.

‘માથા પર વાંદરો, માથા પર વાંદરો’ એવી બૂમો પાડતા છોકરા દોડી પડ્યા.

બાલુ કહે : “દોડો તો.... કોઈને માથે વાંદરો.”

બધા છોકરા દોડ્યા.

છોકરાઓ તો ટીખળી હોય જ. એમાં પાછા સાવ સાદા હતા. વિવેક પણ ઓછો જાળવતા. જે કામમાં મઝા પડે એ કામ ખોટું હોય તો પણ કરી બેસતા. એટલે તેઓ બધા મિયાં ફુસકીનો વાંદરો જોતાં જોતાં દોડતા જાય છે અને બૂમબરાડા પણ પાડતા જાય છે.

‘અલ્યા ઓ.... પેલાના માથે વાંદરો...!’


‘એય કોઈને માથે વાંદરો બેઠો...’

આવો ઘોંઘાટ કરે છે અને મિયાંની આજુબાજુ દોડ્યા જાય છે.

આમ દસ-વીસ છોકરા એકઠા થઈ ગયા. બધું ટોળું દોડતું મિયાં ફુસકીની પાછળ.

પોતાની પાછળ ઘોંઘાટ મચાવતા છોકરાઓને આવતા જોઈને મિયાં ઊભા રહી ગયા.

પાછળ ફરીને જોયું.



ત્યાં તો બધા છોકરા ફુસકી મિયાંની ચારેકોર ફરી વળ્યા.

એક છોકરો બોલી ઊઠ્યો : "વાંદરા વાંદરા હૂઊ...ક."

ચિડાઈને ફુસકી મિયાં કહે : "તારી દાઢીમાં થૂંક? જા પાજી...! જા તારે ઘેર."

મિયાંની વાત સાંભળતાં જ છોકરાઓએ તાલીઓ પાડી.

બીજો છોકરો કહે : "પણ તમારા માથે વાંદરો છેને!"

મિયાં રીસથી કહે : "તો શું છે? છે, અમારા માથે વાંદરો છે, બિલાડી નથી."

ફુસકી મિયાં ચિડાયા ન હોત અને ચૂપ જ રહ્યા હોત તો છોકરાઓ શાંત થઈ જાત. ખરેખર એ વાંદરો નથી પણ વાંદરાનું પૂતળું છે એ વાત કહી હોત તો છોકરા પાછા ચાલ્યા ગયા હોત. પણ મિયાં બોલ્યા કે મામલો બગડી ગયો. ફુસકી મિયાંનું બોલવું છોકરાઓને મઝેદાર લાગ્યું. મિયાંના હાવભાવ અને આંખના અણસારા ચટકીલા દેખાયા. ફુસકી મિયાંનો એક હાથ તો વાંદરાને પકડવામાં રોક્યો હતો. બીજા હાથનાં આંગળાં નચાવીને ફુસકી મિયાંએ ખરેખરો ભાવ બતાવ્યો. છોકરાઓને લાગ્યું કે આ મિયાં સાહેબ ગમતીલા માણસ દેખાય છે. લાવોને જરા વધારે ગમ્મત કરીએ.

એટલે બધા છોકરા બોલી ઊઠ્યા : "વાંદરા, વાંદરા હૂક, હૂ...ક."

ફુસકી મિયાં એકદમ ખડા રહ્યા. છોકરાઓ પણ આટલું બોલીને ચૂપ રહી ગયા.

મિયાં બોલ્યા : "શું બોલ્યા તમે?"



છોકરાઓએ શોર મચાવી દીધો કે વાંદરા વાંદરા હૂક હૂક... પંકજભાઈ પટેલ આમ તો ભારે સીધાસાદા માણસ. ગલિયારાની પોળના બધા

છોકરાઓમાં તે ડાહ્યા, પણ અહીં બરાબર ખીલ્યા.

એ ભાઈ ઠાવકા થઈ ઠેઠ મિયાં ફુસકીની લગોલગ ઊભા થઈ ગયા. મોઢું મલકાવતા ફુસકી મિયાંના મોઢા સામે જોઈ રહ્યા. તેમને કોઈની ખોટી મજાક ઉડાડવાનું ગમતું નહીં. મિયાંએ જોયું તો પંકજભાઈ પહેલાં દેખાયા.

મિયાં બોલ્યા : "એ બે... ટગર ટગર શું જોઈ રહ્યો છે?"

પંકજભાઈ બોલ્યા : "આપની દાઢી."

ફુસકી મિયાં બોલ્યા : "દાઢીમાં શું છે, ધૂળ....?"

ટીખળી છોકરા બોલી ઊઠ્યા : "દાઢીમાં શું?"

બીજા છોકરા બોલ્યા : "દાઢીમાં ધૂળ."

મિયાં બોલ્યા : "ઓ પાજીઓ, ધૂળ તમારા મોઢામાં, થાળીઓમાં ને લોટામાં ધૂળ."

ત્યાં તો થોડા છોકરા બોલ્યા : "વાંદરા વાંદરા....."

બીજા બોલ્યા : "હૂક હૂક."

ત્રીજો બોલ્યો : "આ ચાચાની દાઢીમાં...."

બધા બોલ્યા : "થૂંક થૂંક."

એટલે તો ફુસકી મિયાંના ગુસ્સાનો પાર ન રહ્યો.


છોકરાઓએ તાળીઓ પીટી. હોંકારા પર હોંકારા કરીને દેકારો મચાવી દીધો.

ફુસકી મિયાંના ગુસ્સાનો પાર ન રહ્યો. રીસથી બોલ્યા : "ઓ પાજીઓ....!"

બરાડો પાડીને છોકરા બોલ્યા : "હૂક હૂક."

ફુસકી મિયાં બોલ્યા : "ઓ કમબખ્તો...!"

છોકરા બોલ્યા : "હૂક હૂક."



ફુસકી મિયાં કહે : "ઓ બેવકૂફો!"

છોકરા બોલ્યા : "હૂક હૂક."

મિયાં ફુસકી બોલ્યા : "તમારા હૂકમાં મૂકો આગ."

છોકરા તાળીઓ પર તાળીઓ અને બૂમો પર બૂમો પાડતા જામી પડ્યા.

એનો ઘોંઘાટ ઠેઠ તભા ભટ સુધી પહોંચી ગયો.

તભા ભટે પાછળ જોયું. ધમાલ દેખી.


ભટજીએ વિલાયતી સાહેબને કહ્યું : "સાહેબ, જરા જુઓ તો પાછળ."

વિલાયતી સાહેબ કહે : "ભટજી, તમે ચૂપચાપ ચાલ્યા આવો. બોલશો નહીં. આપણે હવે પાછળ જોવું જ નથી. આગળ ને આગળ જોતા રહો. ફૌજી રીતભાત શીખો."

તભા ભટ બોલ્યા : "અરે પણ સાહેબ, ફુસકી મિયાં ઘેરાઈ ગયા છે."

હેં... બોલીને વિલાયતી સાહેબે પાછળ જોયું.

છોકરાઓનું ટોળું દેખાયું.



તભા ભટ બોલ્યા : "સાહેબ, આપણે ઝટ ઝટ ચાલો. મિયાં છે ભોળા."

વિલાયતી સાહેબ બોલી ઊઠ્યા : "ભોળા એટલે બેવકૂફ."

તભા ભટ બોલ્યા : "કોઈ આપણનેય બેવકૂફ કહેશે કે ફુસકી મિયાંને હેરાન થતા તમે જોઈ રહ્યા?"

વિલાયતી સાહેબ બોલ્યા : "આપણે ઝટ દોડો. છોકરાઓ છે નાદાન. આજકાલના છોકરાઓને ગતાગમ નથી હોતી. અલ્લડ જેવા છોકરાઓ ન કરવાનાં કામ કરી બેસે છે. કોઈનું ખોટું ટીખળ ઉડાવે, કોઈને પજવે, કોઈને ચીડવીને મોજ માણે. આ છોકરાઓ પણ એવા લાગે છે. ફુસકી મિયાંને જો ગુસ્સો ચડી જશે તો કોઈનું માથું રંગી નાખશે, માટે ઝટ ચાલો પાછા. છોકરાના ટોળાને ભગાડીએ."

તરત જ વિલાયતી સાહેબ અને તભા ભટ દોડ્યા. લથપથ કરતા હાથીની પેઠે વિલાયતી સાહેબ ઊપડ્યા. મોટું પીપ દોડતું આવતું હોય એમ તભા ભટ માંડ્યા ભાગવા. એમ દોડતા બન્ને ફુસકી મિયાં પાસે જઈ પહોંચ્યા. ત્યાં તો છોકરાઓએ બૂમબરાડા અને હસાહસ જમાવી દીધાં છે. વચ્ચે ઊભા ફુસકી મિયાં ઘડીક આમ ફરે છે અને ઘડીક તેમ ફરે છે. હાથ નચાવે છે અને આંખો તતડાવે છે. છોકરાઓને કંઈ કહી રહ્યા છે.

વિલાયતી સાહેબે સોટી લાંબી કરીને છોકરાઓને માંડ્યા હટાવવા. બે-ચારને ધકેલીને ફુસકી મિયાંની સામે ઊભા રહ્યા, પણ ફુસકી મિયાં પાછળ ફરી ગયેલા. મોઢું અવળું હતું તેથી તેમણે વિલાયતી સાહેબને જોયા નહીં. વિલાયતી સાહેબનો ઠાઠ અને દમામ જોઈને બધા છોકરા ચૂપ થઈ ગયા. કેટલાક તો પાછા હટી ગયા.

ફુસકી મિયાં સમજ્યા કે પોતાની ધાકથી છોકરા ચૂપ થઈ ગયા. પોતે જોતા નથી કે પાછળ વિલાયતી સાહેબ અને તભા ભટ આવી પહોંચ્યા છે.

ત્યાં તો વિલાયતી સાહેબે ચટચટ બે-ચાર છોકરાઓને સોટીના ચમકારા ચોડી દીધા. છોકરા સમજ્યા કે ઊભા રહીશું તો માર પડશે. આમ ડરી ગયા અને માંડ્યા ભાગવા.

બધાને એકાએક ભાગતા જોઈને ફુસકી મિયાંને ભારે આનંદ થયો. પોતાના ડરથી છોકરા ભાગ્યા એમ માનીને જરા હસું હસું થઈ ગયા.

બૂમ પાડીને બોલ્યા : “ઓ બે હૂકવાલા પહેલો... ઓ થૂંકવાલાઓ, ભાગો છો કેમ?”



‘એ...એમ...’ આમ કહીને વિલાયતી સાહેબે ચટ દઈને એક સોટી ફુસકી મિયાંને ચોડી દીધી. કોઈ સિપાઈ કવાયત કરતો હોય અને તેને ‘પીછે ઘૂમો’ એવી આજ્ઞા અપાય ત્યારે સિપાઈ ફટ દઈને આગળ ઘૂમી જાય એમ ફુસકી મિયાં ઘૂમી ગયા અને બોલતા ગયા કે કોણ છે એ પાજી...!”

ત્યાં તો વિલાયતી સાહેબ દેખાયા.

ફુસકી મિયાંને દેખાયું કે આ તો વિલાયતી સાહેબ અને ભટજી છે.

વિલાયતી સાહેબ બોલ્યા : “શું કરતા હતા?”

ફુસકી મિયાં બોલ્યા : “ગમ્મત કરતા હતા.”

ભટજી બોલ્યા : “એમ કે? આ ગમ્મત હતી કે ફજેતી?”

ફુસકી મિયાં ખીખી કરતા હસ્યા અને બોલ્યા : “લો, છો ને મૂરખા! આ ફજેતી નહોતી. બે ઘડી આનંદ કર્યો. હા, અમે સિપાઈબચ્ચા. અમે આવો જ આનંદ કરીએ.”

વિલાયતી સાહેબને આ વાત કડવી ઝેર જેવી લાગી. એક તો ફજેતીમાં ફસી ગયા હતા અને પોતે આવીને છોડાવ્યા તો ફુસકી મિયાં ઊલટા બડાઈ હાંકવા માંડ્યા. તભા ભટને પણ લાગી આવ્યું.



વિલાયતી સાહેબ કહે : “ચાલો ભટજી! હવે આ બડાઈખોર ફુસકી મિયાંની સામેય જોશો નહીં.”

ફુસકી મિયાં બોલ્યા : “તો અમેય સામે નહીં જોઈએ. હા, અમે સિપાઈબચ્ચા!”

વિલાયતી સાહેબ તો ચાલતા થઈ ગયા.



તભા ભટને થયું કે મિયાંને આમ એકલા છોડવા ન જોઈએ. વળી બીજી કંઈ ઉપાધિ કરી બેસશે.